પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર
પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલરૂમ ફેક્સ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail :cp-spl-vad@gujarat.gov.in

## જાહેરનામું

ક્રમાક- જી/સીપી/વિ.શા./મ.ન.પા/ચૂંટણી/ ૨૪૩ /૨૦૨૧, તા.૩૧/૧ /૨૦૨૧

## ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩(૧) (ડી.બી.) અન્વયે કાઢેલો હુકમ.

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકા તથા તાલુકા/ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ નો કાર્યક્રમ પરિપત્ર ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૭)-૦૧૨૦૨૧-ક તા.૨૩/૦૧/૨૦૨૧થી જાહેર કરેલ છે તે મુજબ વડોદરા શહેરમાં મહાનગરપાલિકાની મતદાનની તા.૨૧/૦૨/૨૦૨૧ તેમજ મત ગણતરીની તા.૨૩/૦૨/૨૦૨૧ નકકી કરવામાં આવેલ છે. તથા તાલુકા/ જિલ્લા પંચાયત ની મતદાનની તા.૨૮/૦૨/૨૦૨૧ તેમજ મત ગણતરીની તા.૦૨/૦૩/૨૦૨૧ નકકી કરવામાં આવેલ છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો ધ્વારા જાહેર માર્ગની બંને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માર્ગ, માલિકીના મકાનો, કંમ્પાઉન્ડ વોલ વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનર્સ, રાજકિય અગ્રણીઓનાં કટ–આઉટ ઉભા કરવામાં આવશે / પ્રદર્શિત કરવામાં આવશે તે જ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાના મકાનો તથા વિજળી અને ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલ્કતો સહિત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ કમાનો, દરવાજા, જાહેરાત, પાટીયા, બેનર્સ, ભીતસુત્રો, ધજા, પતાકા, ભીતચિત્રો વિગેરે ઉભા કરે છે / મૂકે છે. આને લીધે ટ્રાફીકની સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. તેમજ રાહદારીઓની અસલામતી વધે છે. ચૂંટણીઓ મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી તંત્ર પ્રયત્નશીલ છે તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનું અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે. જેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું ડૉ.શમશેર સિંઘ (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, વડોદરા શહેર ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૩ (૧) (ડી.બી.) થી મને મળેલ સત્તાની રુએ હુકમ કરું છું કે વડોદરા શહેર પોલીસ કમિશ્નરના હકુમત હેઠળના વિસ્તારમાં યોજાનાર મહાનગરપાલિકા તેમજ જિલ્લા/તાલુકા પંચાયત ચૂંટણી હેઠળના વિસ્તારમાં,

(૧) કટ આઉટ, હોર્ડીંગ્સ, બેનર્સ, દરવાજા, કમાનો, પોસ્ટર્સ, પેમ્પલેટ, જાહેરાતના પાટીયા, ધજા–પતાકા, ભીતચિત્રો, ભીતસુત્રો તથા કોઈ પણ પ્રકારનું ચૂંટણી સાહિત્ય વગેરે કોઈ પણ જાહેર મિલ્કત પર કે જાહેર જગ્યા પર મુકવા નહી, આવા કટ આઉટ, હોડીંગ્સ, બેનર્સ, દરવાજા, કમાનો, પોસ્ટર્સ, પેમ્પલેટ, જાહેરાતના પાટીયા, ધજા–પતાકા, ભીતચિત્રો, ભીતસુત્રો તથા કોઈ પણ પ્રકારનું ચૂંટણી સાહિત્ય લગાવવા માટે જાહેર સ્થળો, ખાનગી માલિકીની મિલ્કતો માટે સક્ષમ સત્તાધિકારીની મંજૂરી મેળવવાની રહેશે.

- હોર્ડિંગની સાઇઝ ૧૫ ફુટ x ૮ ફુટથી વધારે હોવી જોઈએ નહીં.
- કટ આઉટની ઉંચાઈ ૮ ફુટથી વધવી જોઈએ નહીં.

- કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ, વિગેરે કોઈ સ્થળે મુકના પહેલા તે અંગેની જાણ સક્ષમ સત્તાધિકારીને કરવાની રહેશે.

(૨) સ્થાનિક કાયદા હેઠળના નિયંત્રણોને આધિન રહીને ખાનગી મકાન કે સ્થળનો કબજો ધરાવનારની સ્વૈચ્છિક લેખીત પરવાનગી મેળવ્યા બાદ જ તેવા સ્થળે અલ્પકાલીન અને સરળતાથી ફરવી શકાય તેવી જાહેરાતની સાધનસામગ્રી જેવી કે ધ્વજ, બેનર્સ માત્ર જ પ્રચાર સામગ્રી મુકી શકાશે. પરંતુ રાજકીય પક્ષો, ઉમેદવારો, તેમના એજન્ટ, કાર્યકર્તાઓ તથા સમર્થકો તેમની પોતાની માલિકીની મિલકત ઉપર પોતાની સ્વેચ્છાએ કોઈપણ જાતના દાબ દબાણ સિવાય પક્ષનો ફકત એક જ ધ્વજ નિશાન સાથે પ્રદર્શિત કરી શકશે.

(૩) ઉપરોક્ત ઉલ્લેખીત મુદ્દા નં.૨ ને આધીન મિલ્કતને કાયમી/ હંગામી નુકશાન કરે તેમજ સરળતાથી કાઢી શકાય તેમ ન હોય તેવા ચૂંટણીલક્ષી લખાણ પોસ્ટર્સ, ભીતચિત્રો, વગેરે (મિલ્કતના માલિકની સંમતિ હશે તો પણ) મુકી શકાશે નહી.

(૪) કોઈપણ સ્થાનિક કાયદો અથવા અમલમાં હોય તેવા કોઈ પણ અદાલતના હુકમોના નિયંત્રણને આધિન રહીને રાજકીય પક્ષો, ઉમેદવારો તેમના એજન્ટો કાર્યકરો અને સમર્થકો તેઓની પોતાની મિલ્કત પર સ્વેચ્છાએ બેનર્સ, નાના વાવટા, ધ્વજ, ચોપાનીયા લગાવી શકશે પરંતુ જો જાહેરાતના પાટિયા, ધ્વજ વગેરેનું આવા નિદર્શનમાં કોઈપણ ચોકકસ ઉમેદવાર માટે મત મેળવવાનો ઉદ્દેશ હોય તો ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૭૧ (એચ) ની જોગવાઈ અનુસરવાની રહેશે.

(૫) જાહેર મિલકતો તેથા મંદીર, મસ્જિીદ, ચર્ચ, ગુરુધ્વારા અથવા કોઈપણ ધાર્મિક / પ્રાર્થના સ્થળોનો ચુંટણી લક્ષી ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે ચુંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહી.

કોવિડ-૧૯ અન્વયે ગૃહ મંત્રાલય તથા ગૃહ વિભાગ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ રાજય ચૂંટણી આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલ તથા બહાર પાડવામાં આવનાર વખતો- વખતની ગાઈડ લાઈનનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

**<u>અમલવારીનો સમય</u>**

**આ હુકમ તા.૦૧/૦૨/૨૦૨૧ થી તા.૧૫/૦૨/૨૦૨૧ સુધી અમલમાં રહેશે.**

**<u>અમલવારીનો વિસ્તાર</u>**

વડોદરા શહેર પોલીસ કમિશ્નરના હકુમત હેઠળના વિસ્તારમાં યોજનાર મહાનગરપાલિકા તેમજ જિલ્લા/તાલુકા પંચાયત ચૂંટણી હેઠળના વિસ્તારમાં,

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ તથા ગુજરાત પોલીસ અધિનયમની કલમ ૧૩૧ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે આઈપીસી કલમ-૧૮૮ મુજબ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

<u>:::-વિજ્ઞપ્તિ -::</u>

હું આથી આદેશ આપું છું કે ,આ હુકમની નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવી ,તેમજ આકાશવાણી અને દુરદર્શન ઉપરથી જાહેરાત કરાવવી .

આજ તા.૩૧/૧ /૨૦૨૧ ના રોજ મારી સહી અને કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

(ડો. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,
(૧) વડોદરા શહેર તમામ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રીઓ(નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ.)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલરૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો ધ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

જયભારતસહ નકલ રવાના :–

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.
(૪) જીલ્લા ચૂંટણી અધિકારી કલેકટરશ્રીની કચેરી, વડોદરા શહેર,વડોદરા.
(૫) ચૂંટણી આચારસંહિતા અમલીકરણ અધિકારીશ્રી, તથા નોડલ અધિકારીશ્રીઓ
(૬) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૭) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૮) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૯) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૦) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૧૧) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૧૨) પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સશ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે.,વડોદરા.
(૧૩) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૪) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, વડોદરા.(ગેઝેટ ભાગ–૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારુ).
(૧૫) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.), વડોદરા રીજીયન, વડોદરા.
(૧૬) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૭) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૮) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

૨/– સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.